સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચોવીસ વર્ષથી સર્જાય છે સોનેરી 'સુપ્રભાતમ્'
સલામ ભરી, હયમચાવે હાઈકુ, 'સુપ્રભાતમ્'
સુંદર 'સુવિચાર' કરાવે ચિંતન 'સુપ્રભાતમ્'
સંસાર સાર આપે 'બોધ'થી સોનેરી સુપ્રભાતમ્...

''સુપ્રભાતમ્' નું
શરૂ થયું આજથી -
'રજત' વર્ષ...

આભાર સૌનો
વંદન વાચકો ને -
હૃદયપૂર્વક.

હાઈકુ

ચિંતન

માનમત્તો મન્યતે રમ, તૃણવચ્ચાખિલં જગત ।
અનર્હોઅપિ ચ, સર્વેભ્ય સ્ત્વત્યર્ધાસન મિચ્છસિ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અભિમાનના મદમાં ઘેરાયેલો માનવી સંસારના સર્વ લોકોને તણખલા સમાન તુચ્છ લેખે છે અને જાતે, સર્વ રીતે અયોગ્ય હોવા છતાં લાયકાત ન હોવા છતાં, પોતાની જાતને જ સર્વશ્રેષ્ઠ માની જીવતો હોય છે.

જેને અહંકાર-અભિમાનનો પાનો ચઢેલો હોય છે એ પોતાના સિવાયના સહકાર્યકર, પડોશી, મિત્રો, પરિવારજનો બધાને તુચ્છ માની તેમની સતત અવગણના કરતો રહે છે. કોઈને જાતિ-જ્ઞાતિ, ધન-સંપત્તિ, સ્થાન સત્તાપદનું અભિમાન હોય કે કોઈને પોતાની નામના કીર્તિનું ગૌરવ હોય, પણ અભિમાન કોઈનું પણ ટકતું નથી.

ચડતી - પડતી એ ક્રમ છે. માનવીએ સૌ સાથે હળી મળી હસતા-રમતા જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અભિમાન તો રાજા રાવણ કે દુર્યોધનનું પણ રહ્યું ન હતું. તો આપણે તો સામાન્ય કાળા માથાના માનવી છીએ ને?

સુવિચાર

- અબોલા એ મૌન નથી, અબોલા એ તો સંવાદની કરપીણ હત્યા છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- સફળતાનું પ્રેશર હોય એ સમજી શકાય, પણ નિષ્ફળતાનો ડર આપણી સફળતાના માર્ગમાં અવરોધ પેદા કરતો હોય છે - **ડો. હંસલ ભચેચ**
- જરૂરી નથી બધે તલવારો લઈને ફરવું, ધારદાર ઈરાદાઓ પણ વિજેતા બનાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હાથમાં પાસા નથી તો શું થયું? જૂગટું મનમાં રમાતું હોય છે - **નીતિન વડગામા**
- ઝેર ઝીરવવું આકરું છે, પણ અમૃત પચાવવું તેનાથી પણ અઘરું છે - **બોધિવૃક્ષ**
- જે ધર્મમાં હોય એ કર્મમાં આવે તો જ એનો મર્મ જળવાય છે - **ધર્મસૂત્ર**
- આજનું ઔષધ : બિલીપત્રના રસમાં જીરું મેળવીને એકસો મિલિ. સવારસાંજ પીવાથી ત્વચાના ઈન્ફેકશનમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રોજર કોફર્ડ જન્મથી જ તકલીફમાં હતો. તેને માત્ર અંગુઠો જ હતો અને હથેળી હતી. બાકીની આંગળીઓનો અભાવ હતો. પગની પાની સાવ સંકોચાયેલી અને આંગળીઓ પણ ન હતી. તેના મા-બાપે કદી ઈશ્વરને દોષ આપ્યો નહીં. તેમણે રોજરને પૂરો પ્રેમ અને પ્રોત્સાહન આપી ઉછેર્યો. રોજરનો ભાષા ઉપર જોરદાર કાબૂ હતો. વકતૃત્વ સ્પર્ધામાં તે ઈનામો જીતી લાવતો. તેની સિદ્ધિઓ અખબારમાં છપાતી. રોજની સિદ્ધિઓ અખબારમાં જોઈ એક અજાણ્યા માણસે તેને ફોન કર્યો. બંને જણા એક સાંજે કોફી પીવા ભેગા થયા. મળવા આવનાર માણસને પણ રોજર જેવા જ હાથપગ હતા. મળવા આવનાર રોજ કરતાં ઉમ્મરમાં દસ વર્ષ મોટો હતો. તેથી રોજને એમ કે આ વ્યક્તિ થકી મને કંઈક માર્ગદર્શન અને પ્રેરણા મળશે. પણ બન્યું બીલકુલ અવળું, પેલા ભાઈએ રોદણા રોયા. કે નોકરી નથી મળતી, મળે છે તો ટકતી નથી. પોતાને ખોડખાંપણ વાળો બનાવવા માટે ઈશ્વરને ગાળો આપી. રોજર પોતે મોટીવેશનલ ટ્રેનર તરીકે મેનેજરો તથા તાલીમાર્થીઓને લેકચર આપી પૈસા કમાતો. તથા તે પગભર હતો. અને કોઈને દોષ ન આપતો. પેલા માણસને મળ્યા પછી રોજર ને ખ્યાલ આવ્યો કે જન્મ સમયે મળતી શક્તિ મર્યાદા આપણી હાથની વાત નથી. પણ માનસિક રીતે મજબૂત રહીને જાતને કેળવવાની જવાબદારી અને વિકલ્પ આપણી પાસે છે.

તમામ આરોગ્ય વિદ્યાઓનો સમન્વય જરૂરી

તંત્રીસ્થાનેથી...

ઈંડિયન મેડિકલ એસોસિએશને કેન્દ્રના આયુષ વિભાગ દ્વારા આયુર્વેદ નિષ્ણાંતો અર્થાત્ વૈદ્યરાજોને અમુક મર્યાદિત અંગે પૂરતી સર્જરીની મંજૂરી આપી એથી આખું જગત લૂંટાઈ જવાનું હોય એવી બુમરાણ મચાવી દીધી છે. હકીકત તો એ છે કે સર્જરીનો પ્રારંભ જ આયુર્વેદના મહાન સ્તંભ સુશ્રુતથી થાય છે. એ જુદી વાત છે કે એમના જમાનામાં એનેસ્થેશિયાની અદ્યતન સુવિધા નહોતી. એટલે જયારે શલ્યચિકિત્સા (સર્જરી) કરવી જ પડે એમ હોય ત્યારે દર્દીના હાથપગ અને બીજા અંગો મજબૂતાઈ પૂર્વક પકડી રાખવા માટે હટ્ટાકટ્ટા માણસો બોલાવવા પડતા. આયુર્વેદના ઉદ્‌ગાતા ભગવાન ધન્વંતરિ તો સમુદ્રમંથન વખતે અમૃત કળશ લઈને પ્રગટ્યા હતા. ધન્વંતરિના આયુર્વેદને આપણાં શાસ્ત્રોમાં પાંચમા વેદની પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. પશ્ચિમમાં હિપોક્રેટ્સ દ્વારા 'મેડિસીન'નું એલોપેથી શાસ્ત્ર પ્રસ્થાપિત થયું, એના સમ્માનમાં આજે પણ વિશ્વની તમામ મેડિકલ સ્કૂલોમાં પ્રથવ વખથ વિદ્યાર્થીને હિપોક્રેટસ દ્વારા પ્રણીત શપથ લેવડાવાય છે. અલબત્ત, સમયની સાથે એ શપથની ઘણી બધી શરતો પાળી શકાતી નથી. એ પણ સાચું કે અધકચરા વૈદ્યો અને તબીબોને 'યમરાજ'ના સહોદર ગણવામાં આવે છે. દરેક પ્રજાને વિકાસની પોતીકી કૂચ દરમિયાન બીમારીઓની બચવાના રસ્તા શોધ્યા છે. એમાં આયુર્વેદની જેમ જ યૂનાની અને હોમિયોપથી જેવી વિદ્યાઓ સામેલ છે. અલોપથી અલબત્ત અદ્યતન શાસ્ત્ર તરીકે સતત વિકસતું શાસ્ત્ર છે. એનો અત્રતત્ર સર્વત્ર સ્વીકાર થયો છે અને એ રીતે તે ઘણી આશીર્વાદરુપ આરોગ્ય પદ્ધતિ છે. આયુર્વેદમાં સમય સાથે કદમ મિલાવવાની ક્ષમતા નથી. એથી એ 'એક્યૂટ' દરદોમાં ઉપયોગી નથી બની શક્યું. જૂનાં, હઠીલાં દરદો માટે આયુર્વેદ ઘણા બધાની પહેલી પસંદગી છે. એની વાત, પિત્ત અને કફ વાળી થિયરી એલોપથી તબીબોને હાસ્યાસ્પદ લાગતી હશે, પણ એ 'કોનિક' - હઠીલા દરદોમાં કારગત નીવડે છે. એલોપેથિક તબીબો પોતે પણ ઉંમર વધતાં ચૂર્ણ ફાકતા થઈ જતા હોય છે. ચ્યવનપ્રાશ જેવી પ્રતિકાર શક્તિ વધારતી ઔષધિને કોણ નકારી શકે? બલકે એવાં એનક આયુર્વેદિક ઔષધો છે જેની પશ્ચિમના દેશોમાં પણ ભાગે માંગ રહે છે. સર્જરીની આધુનિક વિદ્યા આયુર્વેદના વિદ્યાર્થીઓને પણ શીખવવામાં આવે તો એમાં શું ખોટું છે? આયુર્વેદના વિદ્યાર્થીઓને શા માટે એમની ચરક સંહિતા કે માધવ નિદાન અને નિઘંટુમાં પૂરી રાખવા જોઈએ? ભારતીયતાની અસલી ઓળખ સમાં આપણાં જૂના અને સિદ્ધ થયેલાં શાસ્ત્રોને પાશ્ચાત્ય શાસ્ત્રોની સાથે જ મૂકીને સમ્યક્ અભ્યાસક્રમ તૈયાર કરાવી શકાય તો કેવું રૂડું પરિણામ આવે! ભારતીય જનતા પાર્ટી મૂળભૂત રીતે તો આપણાં સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાના ઉદ્દેશ સાથે કાર્યરત થઈ હતી. પાશ્ચાત્યનો નકાર નહીં, એમ આપણા પોતીકાનો ઈન્કાર નહીં. આપણો ઉપનિષદનો ઋષિ કહે છે એમ ચારેદિસાઓથી શુભ વિચારો પ્રાપ્ત કરીએ આપણે જીવનને વધુ જીવવાલાયક બનાવી શકીએ. જીવેમ શરદઃ શતમ્ - હે પરમાત્મા, હું સો વરસ જીવું, સતત 'વૃદ્ધિ' પામતાં પામતાં અને છેલ્લા શ્વાસપર્યંત કાર્યરત રહી જીવું - એવી આપણી પ્રાર્થનાને સાર્થક કરવામાં વિશ્વના કોઈ પણ ખૂણામાં પડેલો કોઈ પણ શ્રેષ્ઠ વિચાર કે આચાર આપણને ખપ લાગી શકે. કમનસીબી એ છે કે આપણે આપણા એ ભવ્ય વારસા પ્રત્યે તદ્દન બેદરકાર છીએ. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ મેડિકલ કૉલેજમાં દાખલ થાય છે અને મધ્યમ કક્ષાના, જેમનો એલોપેથિક સાયંસમાં નંબર ના લાગી શકે એવા છાત્રો આયુર્વેદ અને ભાષાસાહિત્ય જેવા વિષયો ભણે છે. પછી આપણે વિશ્વકક્ષાના વૈદ્યરાજો કે સાહિત્યકારો કયાંથી પેદા કરી શકીશું? આયુષ મંત્રાલયે કેન્દ્ર સરકારના નવા આદેશ મુજબની શિક્ષણ પદ્ધતિ વિકાસવવી જોઈએ અને જરૂરી નથી કે ચરક અને સુશ્રુતને જ પકડી રાખીને આયુર્વેદાચાર્યો બેસી રહે. નવા વૈદ્યો નવાં સંશોધનો કરી શકે અને એલોપેથીના સમન્વય સાથે વધુ કારગત અને ઓછી સાઈડ ઈફેક્ટસ વાળી દવાઓ ઉપલબ્ધ કરાવી શકે. વિદ્યાને કોઈ એક કૂંડાળામાં બાંધી રાખવી એ તો સરસ્વતીનો જ અપરાધ થશે.

ભક્તિ કોની કરવી? ભક્તની કે ભગવાનની?

દેવ અને દેવી બંને ઉપાસ્ય ગણાય છે; અને એ સાંપ્રદાયિક ભેદ છે. વાસ્તવમાં બે જુદાં નથી. દેવ એટલે પિતા અને દેવી એટલે માતા; આમ તો જગતમાં પ્રસિદ્ધ જ છે. સંતાનોને માટે ઉભય મા-બાપ પૂજ્ય જ ગણાય છે. એકને પુરુષરુપે અને બીજાને પ્રકૃતિરુપે પણ લેખી શકાય... પુરુષની સત્તાથી આ સૃષ્ટિ પ્રકૃતિ દ્વારા અસ્તિત્વમાં આવે છે. એટલે જ કોઈ દેવી ભક્ત બને, તો કોઈ દેવનો ભક્ત બને. ઈષ્ટદેવની દૃષ્ટિએ જેના પર વિશેષ શ્રદ્ધા ઉપજે તેને જ ઉપાસ્ય લેખી શકે. સંત તુલસીદાસ પ્રથમ ભૂતની ઉપાસના કરતા, પછી હનુમાનને ઉપાસેલા અને છેવટે રામના પરમ ઉપાસક બનેલા. જેમ એક નાની ડાંળખી પકડીને જાળી ડાળને પકડાય અને પછી ઝાડ પર ચઢી શકાય તે પદ્ધતિનો ઉપયોગ કર્યો ગણાય. એટલે જેવા ગુણનો ઉપાસક હોય તેવો તેનો દેવ.

ભક્તની ભક્તિ હોતી નથી, પણ ભક્ત દ્વારા ભક્તિ તો ભગવાનની જ થાય છે. ગુરુ પૂજામાં પણ ગુરુમાં ઈશ્વરની ભાવના થાય છે. એ નથી ભૂલવાનું. જે કોઈ છૂટો હોય તે જ બીજાને છોડાવી શકે. બાંધેલો બાંધેલાને નથી છોડાવી શકતો.એ ન્યાય પ્રમાણે પ્રભુના અનન્ય ભક્તની સેવા કરવાનો હેતુ હોય છે. જેમ પત્થરની મૂર્તિની પૂજા કરનાર પણ જાણે છે કે પત્થર છે, પરંતુ તે પત્થર માનીને નથી પૂજતો પણ પથ્થરમાં ઈશ્વરની ભાવનાનું આરોપણ કરીને તેની પૂજા કરે છે. તેવી જ રીતે પ્રભુના

પરમ ભક્તોની પૂજા કરવામાં પણ ઈશ્વરનું તે ભક્તમાં આરોપણ કરીને તેની પૂજા થાય છે. એટલે ભક્તિ ભક્તની કેટલી નથી ગણાતી, પણ ભગવાનની જ ભક્તિ કરેલી ગણાય છે. એક ભક્તને ઘેર જયારે બીજો ભક્ત જાય છે, ત્યારે તે બંનેને દિવાળી ઉત્સવ જેટલો આનંદ ઉપજે છે. ભગવાનની પ્રતિમા જડ હોય છે; પણ ભક્ત તો ભગવાનની ચૈતન મૂર્તિરુપે બની રહે છે. કારણ કે તેની ભાવનામાં પ્રાણી માત્રમાં ભગવાન વસેલો હોય છે. લોખંડનું પતરું ઘરવાથી અરીસા જેવું બને છે તેમ એવા ભક્તોનાં કર્મો ભગવાનને માટે જ થતાં હોવાથી તેમના અંતઃકરણ ઘસાઈને અરીસા જેવા નિર્મળ બનેલાં હોય છે. તેમાં ભગવાનના દર્શન તેઓ અહર્નિશ કરતા હોય છે.

તેથી જ કહેવાનું છે કે 'ઈશ મિલાવે સંત કૂં, સંત મિલાવે ઈશ; યાતેં એક સ્વરુપ હૈ, સંત સોઈ જગદીશ.'

ભક્તિની પરાકાષ્ઠા ભગવાનમાં તન્મય થઈ જવામાં રહેલી છે. આમાં પણ સાંપ્રદાયિક ભેદો રહેલા છે. વેદાંતની મુક્તિ સદેહે બ્રહ્મ આત્માની ઐક્યતાથી આજ જન્મમાં અનુભવાય છે. જેને કૈવલ્ય મુક્તિ પણ કહેવાય છે. ખ્રિસ્તી, મુસ્લિમ વગેરે ધર્મોની મુક્તિ પણ સ્વર્ગ સુખની પ્રાપ્તિ છે. જે આ જન્મ પછી જ મળી શકે છે. જયારે પ.પૂ. મહંત સ્વામી મહારાજ જેવા પ્રગટ બ્રહ્મસ્વરુપ સંતેન સેવીએ તો આ જન્મે જ જીવનું કલ્યાણ થાય છે. સૌ જીજ્ઞાસુઓને આવો શુભ યોગ પ્રાપ્ત થાય એ જ પ્રમુખસ્વામી મહારાજ તથા ભગવાન સ્વામિ નારાયણના ચરણોમાં પ્રાર્થના.

- મહેશ સુરતવાલા

'સુપ્રભાતમ્'

'સુપ્રભાતમ્' ને આજ ચોવીસ વર્ષ પૂર્ણ થયાં. આંખે ઝાંખપે ઠેબાં ખાતી કોલમ પચ્ચીસ પૂરાં કરશે કે કેમ એની મને જ શંકા છે! (૮૨ વર્ષ)

તંત્રીશ્રી કૃષ્ણકાન્ત ભાઈનો સૌમ્ય સહકાર અને પ્રેમાળ પ્રોત્સાહન કલમને બળ આપે છે તેથી લખવાની શક્તિ પ્રાપ્ત થાય છે હું સર્વ વાચકોને આભારી છું.

- સુરેશ પ્રા. ભટ્ટ

આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં, એક ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહી

આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં
એક ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહીં
આ સંકેતો, આ અફવાઓ, આ સંદર્ભો, આ ઘટનાઓ
આખેઆખો નકશો ક્યારે બદલાવી દે, કહેવાય નહીં
ઘરને ઘર કહીએ તો આ ઘર એક લૂનો ચોરસ દરિયો છે
ભરતી છે : દરિયો શું શું ડુબાવી દે, કહેવાય નહીં
સપનાંના છટકરસ્તે અહીંથી ભાગી નીકળે છે આંખો, પણ
પાંપણનું ખૂલી પડવું, પાછી સપડાવી દે, કહેવાય નહીં
દેશ્યો-દેશ્યો જંગલ-જંગલ ચશ્માં-ચશ્માં ધુમ્મસ-ધુમ્મસ
રસ્તા-રસ્તા પગલું-પગલું ભટકાવી દે, કહેવાય નહીં
ટાવર ધબકે, રસ્તા ધબકે, અરધો-પરધો માણસ ધબકે
કોનો ધબકારો કોણ અહીં અટકાવી દે, કહેવાય નહીં

- રમેશ પારેખ

ડ્વાઈટ મોરોનું એક વાક્ય છે : ''દુનિયામાં બે પ્રકારના માણસો છે એક કામ કરનારા અને બીજા જશ લેનારા. ઘરમાં, સંસ્થાઓમાં, કાર્યસ્થળ પર અધિવેશનોમાં સમારંભોમાં અત્ર-તત્ર-સર્વત્ર આ બંને પ્રકારના માણસો મળી આવે છે અને કામ કરનાર વ્યક્તિ પોતાની અગણિત વાર કદર ન થયા પછી એકાદવાર કણસીને બોલી ઊઠે કે ''અરે ભાઈ મને તો યાદ કરો ! મને કેમ ભૂલી ગયા હું અહીં દટાયો છું અને આ ઊંચી ઈમારતનો પાયો છું. આવી આ અબોલ ચચરાટી જે હૃદયમાં ધરબાયેલી હોય છે તે ક્યારેક બહાર નીકળી જાય ત્યારે, વળી પાછા કહેવાતા સુજ્ઞ મોભીઓ, સ્વજનો અને સદસ્યો બોલી ઉઠે છે કે તમે પણ ખરા છો આટલું કામ તો તમે કરો છો આટલી સમજણની અપેક્ષા તો તમારી પાસેથી જ રખાય ને ! અને તમે તો ભૂતકાળમાં ઘણું જતું કર્યું છે...વગેરે વગેરે...

આવા આવા ઠાલા વચનો ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવાના પ્રયત્ન રૂપ આપવામાં આવે છે. પરંતુ લ્લજો બૂંદ સે ગઇ વો હોજ સે નહીં આતીલ્લ એ કહેવત અનુસાર એક બુંદથી જે વાત વહી ગઈ છે તે મોટા મોટા હોજ ભરવાથી પણ પાછી નથી મળવાની. આપણે ત્યાં પહેલેથી જ એવી પ્રથા રહી છે કે સમજુ માણસ વધુ મુશ્કેલી સહે અને માથાભારે માણસ સામે કોઇ પડતું નથી, એટલે એની આવભગત વધુ થાય. એને સાચવવામાં વધુ આવે.

આજે સમજુ અને સરળ માણસો નથી રહ્યા. તમારી સરળતા અને સારપને વટાવી લઈને કામ કરાવનાર હજારો માણસો અહીં મળી આવે છે. સ્વભાવ મૃદુ હોવાના કારણે, સમયની નજાકત પારખવાની સંજય દૃષ્ટિ હોવાના કારણે સમજુ માણસ ગમ ખાઈ ને પણ ચૂપ રહે છે. અને પછી તો સૌને ફાવતું જડે છે અને જોતજોતામાં આપણી ગણતરી ટેકન ફોર ગ્રાન્ટેડ થઈ જાય છે. આપણને મૂલવવાની દૃષ્ટિ અને ત્રાજવા પણ જુદા જ થઈ જાય છે. ભૂતકાળમાં અળવીતરા અને ખટપટીયા લોકોથી ભરપુર અગવડ ભોગવી લીધેલા સજ્જનોને જ્યારે વર્તમાન ખૂબ જ સુંદર સગવડ પ્રાપ્ત થતી હોય. ખૂબ જ કાળજીપૂર્વકની સંભાળ પામતા હોય છતાં પણ તેમને તેની કદર નથી રહેતી. બહુ ઝડપથી તેઓ ભૂતકાળની તકલીફો વીસરી જઈને હાલની સરસ પરિસ્થિતિના કર્તા અને સંભાળ લેનાર સમજુ વ્યક્તિને ટેકન ફોર ગ્રાન્ટેડમાં ગણીને તેમના પ્રત્યે બેદરકાર બની જાય છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વાસ્તવમાં દુઃખ પછી મળેલા સુખનું મૂલ્ય તો અદકેરું હોવું જોઈએ. અગવડોના પારાવાર તોફાન સહન કર્યા પછી શરૂ થતી સુખની સરવાણીથી તો કેટલો આનંદ પહોંચવો જોઈએ ! અને તેવી સગવડોના સુખના પ્રસંગોને ખોળે મૂકનાર વ્યક્તિ આપણી માટે ખૂબ જ મહત્ત્વની હોવી જોઈએ પરંતુ બને છે તેનાથી વિપરિત જ.સમજુ માણસ જે કંઈ સારા કામ કરે ઘરમાં સંસ્થામાં ઓફિસમાં કોઈ વિશેષ હા કર્યા વગર તન-મન-ધનથી રચ્યોપચ્યો રહે તે વ્યક્તિ ધીરે ધીરે પોતે જ એવું માનતો થઈ જાય છે કે આ તો મારી ફરજ છે.

આઘા રહેવું અને બાઘા રહેવુંની નીતિ અપનાવનાર અકોણા અને તૈયાર ખીર ઝાપટનારા તકવાદીઓ સંપૂર્ણ આયોજન પછી ભીંત પર ખીલી ઠોકતી છેલ્લી હથોડી મારવાનું કામ કરે છે. અગાઉ કેટલા પ્રયત્નો પછી છેલ્લા પ્રયત્ને જશ ખાટી જવા આવે છે. આવો અભિગમ ઘર માટે, સમાજ માટે, સંસ્થા માટે કે પછી કાર્યાલય માટે વહેલો મોડો વિનાશ નોતરનારો બની રહે છે, કારણ કે નિષ્કાળજી કે બેદરકારીની પણ એક સીમા હોય છે. ચૂપચાપ અન્યાય સહન કરતાં જશના મુગટ બીજાને પહેરાવી દેતા પેલા સજ્જનની પણ ક્યારેક તો કમાન છટકે ને ! અને જયારે તેમના સબ્રનો બંધ તુટી જાય છે પછી સુનામી આવે છે.

અને રખેને સમજતા કે ત્યાં સુનામી આવશેપવાક્યુદ્ધ થશેપ ના બિલકુલ નહીં..તેમનો વિરોધ મૌનનો હોય છે અને તે વધુ ખતરનાક હોય છે. દરેક કામમાં હોંશે હોંશે જાત ઘસી ઘસીને, ટકોરાબંધ કામ કરતા રહેવાની આદતને તેઓ ધીરે ધીરે ત્યજી દે છે. પોતાનું સ્વાર્પણ સમજીને મહેનત કરનાર વ્યક્તિને વારંવાર અવગણવામાં આવે તો તેઓ મૂંગા બની જાય છે અને પછી નિષ્ક્રીય બની જાય છે. અને આનું નુકસાન સંસ્થાએ, સમાજે કે ઘરે ભોગવવું પડે છે. સમય સમય પર જો સારી વાત ને સારા કાર્યને સારા વ્યક્તિને વધાવવામાં નહીં આવે તો અનર્થ સર્જાશે. અને આ અનર્થ સમાજની, ઘરની, કાર્યાલયની, સંસ્થાની સારપને ગળી જશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

બસ એટલી સમજ મને પરવરદીગાર દે, સુખ જ્યારે મળે, બધાનો વિચાર દે

દિવાળીના તહેવારો રંગેચંગે પૂરા થયાંને આજે એકાદ અઠવાડીયા જેટલો સમય થઈ ગયો. સૌ કોઈ રજાઓ માણીને તરોતાજા થઈને ફરી પાછા કામ ઉપર લાગી ગયા છે. પૂર્વ ગોળાર્ધનું સૌથી મોટું અને લાડકું પર્વ એટલે દીવાળી. લંકા વિજય બાદ રાજા રામનો અયોધ્યામાં રાજ્યાભિષેક, સમુદ્ર મંથન વેળા લક્ષ્મીજીનું પ્રાગટ્ય, કૃષ્ણલીલા જેવી ચાર-પાંચ ધાર્મિક કહાનીઓ ભારતવર્ષમાં દિવાળીના તહેવાર સાથે જોડાયેલી છે. દિવાળીનું ન માત્ર ધાર્મિક બલ્કે સાઅમાજિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ છે. હિન્દુસ્તાનના વિવિધ રાજ્યોમાં આ તહેવાર અલગ અલગ નામથી ઓળખાય છે. આસામમાં 'દીપાવોલી', બંગાળમાં 'દીપાબોલી', ગુજરાત અને મહારાષ્ટ્રમાં 'દિવાળી', ઓરિસ્સામાં 'દીપાબલી', સિંધમાં 'દિયારી', તામિલનાડુમાં 'તિપાવલી' જેવા નામથી દિવાળીનો ઉત્સવ ઉજવાય છે પરંતુ એનો મહિમાઅ એક રહે છે.

એક મધ્યમ વર્ગીય પરિવારના દસ બાર વર્ષના દીકરાની વાત યાદ આવે છે. એક આધેડ વયના ધોબી આ પરિવારના કપડાં ઈસ્ત્રી કરીને દર બે દિવસે આપી જાય. કપડાં આપવા આવે ત્યારે મોટાભાગે આ પરિવારનો આઠ દસ

વર્ષનો દીકરો કપડાં લેવા અને બીજા કપડાં આપવા આવે. આ નિત્ય ક્રમ રહેતો. આ દીકરો જ્યારે કપડાં લેવા-આપવા આવતો ત્યારે મોટા ભાગે આધેડ વયના ધોબી કાકાને સફેદ ખમીસમાં જ જોતો. આધેડના સફેદ ખમીસ ઉપર એકાદ થીગડું હંમેશા હોય. છોકરો હંમેશા આધેડના ખમીસ ઉપરના થીગડાંને વિસ્મયપૂર્વક તાકી રહેતો.

ધનતેરસના દિવસે ઈસ્ત્રી કરેલા કપડાં લઈને આધેડ પરસાળમાં આવીને બેઠો. દીકરાએ કપડાં લીધા અને બીજા કપડાં આપીને બોલ્યો, 'ધોબી અંકલ, બે મિનિટ બેસજો હોં... હું હમણાં આવું છું.' એમ કહીને એ ઘરમાં ગયો. આધેડ વિચારતો હતો કે, કદાચ બીજા કપડાં ઈસ્ત્રીમાં આપવા માટે એ લેવા ગયો હશે. બે-પાંચ મિનિટમાં આ છોકરો હાથમાં સરસ મજાનું ગીફ્ટ પેપરમાં રેપ કરેલું એક બોક્સ લઈને ધોબી કાકાના હાથમાં મૂકીને બોલ્યો, 'હેપ્પી દિવાલી, અંકલ...' આધેડે કહ્યું, 'બેટા તું તો મારાથી નાનો છે. મારે તારી પાસેથી બક્ષીસ ન લેવાય, આ પાછી લઈ જા.' બાળકે કહ્યું, 'દિવાળીમાં મમ્મી પપ્પા સાથે મારી નવી ચીજ-વસ્તુઓ ખરીદવા ગયો ત્યારે જ મેં તમારી માટે આ લઈ લીધું હતું. તમે ના ન પાડશો. ઘરે જઈને આ ગીફ્ટ પેપર ખોલજો.લ્લ

આમ કહીને એ છોકરો ઘરમાં દોડી ગયો. આધેડ તો ઈસ્ત્રીના કપડાં સાઈકલ પર મૂકીને વિચાર કરતો ઘરે પહોંચ્યો. ઘરે જઈને રેપર ખોલીને જોયું તો એમાંથી બે નવા નક્કોર સફેદ શર્ટ નીકળ્યાં. બે નવા ખમીસ જોઈને ધોબી કાકા, પોતે પહેરેલા થીગડાવાળું ખમીસ જોઈ રહ્યો. એની આંખોમાંથી હર્ષના આંસુ દડદડ વહેવા લાગ્યાં. દિવાળી એટલે ફટાકડા ફોડવા, સ્વાદિષ્ટ મીઠાઈઓ, મઠીયા, મોહનથાળની મોજની સાથે એકબીજાની સંવેદનાઓના સુંવાળા સ્પર્શનો સુહાનો અવસર. મરીઝ સાહેબનો એક અમર શેર આ ઘટના સાથે યાદ આવી જાય. 'બસ એટલી સમજ મને પરવરદીગાર દે, સુખ જ્યારે મળે, બધાનો વિચાર દે.'

'દિવાળી' દીપાવલી શબ્દનું લઘુ રૂપ છે. દીપાવલી શબ્દમાં બે શબ્દોની સુગંધ છે. દીપ અને આવલી. 'દીપલ્લ એટલે દિવો અને સંસ્કૃત તત્સમ શબ્દ 'આવલીલ્લ એટલે હરોળ. દિવડાઓની હારમાળાને દિપાવલી કહેવાય. પ્રતિવર્ષ દિપાવલી જ્ઞાનના પ્રકાશનું અને સંવેદનાની સુવાસનું સ્મરણ કરાવે છે. દીપાવલીમાં મનને માંજીને ચમકાવવાનું મહત્વ છે. જીવન ભૌતિકતાનો મહાસાગર છે. એમાં ગળાડૂબ રહેવાથી સાચો આનંદ શું છે એનો લગીરે ખ્યાલ ન આવે. દીપાવલીમાં મુકવામાં આવતાં હારબંધ દિવડાઓનો એક સુંદર મેસેજ છે. કોડિયામાં રાખેલા ઘીમાં રૂ ની વાટ આખે આખી ડૂબાડી દેવામાં આવે તો શું એ પ્રજવલિત થઈને પ્રકાશ પાથરી શકે ખરી? પ્રકાશ માટે તો વાટનો એક છેડો ઘીથી ભીનો કરી કોડિયાની બહાર રાખવામાં આવે તો જ જ્યોત પ્રકાશ પાથરી શકે. આવી જ રીતે ભૌતિક સુખના મહાસાગરમાં ડૂબી રહેવા કરતાં સંવેદનાસભર ડોકુ એમાંથી બહાર કાઢી જ્ઞાનની જ્યોત પ્રગટાવવા પ્રયાસ કરવાનુ સ્મરણ દિવાળી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કરાવે છે.

દિવાળીમાં ફોડવામાં આવતા ફટાકડાં પાછળ પણ એક મજાનો કોન્સેપ્ટ છે. જીવનમાં ધરબાઈને પડી રહેલી ભાવનાઓ, હતાશાઓ, ક્રોધ અને વૈમનશ્યના પીંડલાના ફટાકડા ફોડીને માનસિક રીતે હળવા બનવાનો અદભુત સંદેશ એમાંથી મળે છે. આપણા પૂર્વજોએ કલુશીત ભાવનાઓને બહાર વહેવડાવી દેવા માટે ફટકડા ફોડવાની પ્રવૃત્તિને મનોવૈજ્ઞાનિક અભ્યાસના રૂપમાં રજૂ કર્યો હોય એમ લાગે છે. જ્યારે બહાર ફટાકડાઓનો વિસ્ફોટ થાય ત્યારે અંતરમાં ધરબાઈને પડી રહેલી નકારાત્મક સંવેદનાઓ ફૂટીને ધુમાડો થઈ જતી હોય છે. જ્યારે મનમાં રહેલી અનિષ્ઠ ભાવનાઓનો ધુમાડો થાય ત્યારે મન હળવું ફૂલ બની જાય અને પછી જ જ્ઞાનના પ્રકાશનો સહજ ઉદય થાય.

જીવનમાં જ્યારે પણ જ્ઞાન પ્રગટે એ સમયે ઉત્સવ હોય છે. ઉત્સવમાં ઉત્સાહ સાથે હોશ ન ખોવાય એટલે પ્રાચીન ઋષિ મુનિઓએ આપણાં શાસ્ત્રોમાં પર્વ સાથે ધાર્મિકતા અને પવિત્રતાની પૂજાને સુપેરે સાંકળી લીધી છે. બ્રહ્માંડમાં અગણિત અણુ-પરમાણુઓ, અસંખ્ય આકાશ ગંગાઓ છે. પૃથ્વી નામના આપણા ઉપગ્રહમાં પણ જીવનનો ન કોઈ આરંભ છે કે ન કોઈ અંત. જીવન તો નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તહેવારોમાં અવિરત ચાલતાં જીવનને એક નવતર મોડ આપીને વધુ સોહામણું બનાવવનો સોનેરી અવસર મળે છે.

દિવાળી એટલે આગળ વધવા માટેના સંકલ્પો લેવાનો તહેવાર. આ વખતે દિવાળીમાં કયા સંકલ્પો લીધા એનું હવે સ્મરણ કરવાનો સમય છે. સંકલ્પો પરિપૂર્ણ કરવાના માર્ગો અને પ્રયાસો સુનિશ્ચિત કરવા માટે આજે ઉગેલા સૂર્યોદયનું ઈજન છે. જે દુનિયા જોઈ રહ્યાં છીએ એ બદલી નાખવાનો નિશ્ચય કરવો છે કે પછી ઘરમાં બેસી રહેવું છે? નક્કી આપણે જાતે કરવાનુ છે. બદલાવ લાવવા માટે એક નવો માર્ગ બનાવવો પડશે. માનવતાપૂર્ણ સંવેદના આનંદનો સૌથી મોટો ખજાનો છે. આવો આનંદ અને સારું કામ તો સારા અને સાચા લોકોની સોબતમાં જ શક્ય બને. એક નવી સીસ્ટમ ડેવલપ થાય એ માટે તત્પર રહેવાથી પરંપરાઓમાંથી મુક્તિનો આનંદ મળવાનો છે.

ધબકાર :

પોતાની શરત ઉપર જી